# શિક્ષણ મહાવિદ્યાલયઃ ગૂજરાત વિદ્યાપીઠઃ અમદાવાદ
## શિક્ષણ અનુસ્નાતક વિભાગ
### અભ્યાસકાર્ય (Course Work)
### શિક્ષણ અનુપારંગત(એમ.ફિલ.) અભ્યાસક્રમ

અનુપરંગત અને વિદ્યાવાચસ્પતિમાં પ્રવેશ માટે વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ (UGC)એ 11, જૂલાઈ, 2009 ના રોજ એક અધિનિયમ બહાર પાડયો છે. ગૂજરાત વિદ્યાપીઠે તેને અનુસરીને અનુપારંગત અધિનિયમો-2009 તૈયાર કર્યા છે. શિક્ષણ અનુપારંગત સંબંધિત વિવિધ બાબતો જેવી કે ઉમેદવારની પ્રવેશ યોગ્યતા, પ્રવેશ પ્રક્રિયા, અભ્યાસક્રમનો સમયગાળો, અભ્યાસકાર્ય (Course Work), શોધ નિબંધ તથા મૂલ્યાંકનની વિગતવાર સ્પષ્ટતા આ અધિનિયમમાં કરવામાં આવી છે. આ અધિનિયમોને અનુસરીને શિક્ષણ અનુપારંગતમાં અભ્યાસક્રમ વિષયક બાબતો નીચે મુજબ છે.

1. **પ્રવેશઃ-** શિક્ષણ અનુપારંગત(એમ.ફિલ.)માં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે ભારતની કોઈ પણ માન્ય યુનિવર્સિટીની શિક્ષણ પારંગત (M.Ed.) કે તેને સમકક્ષ પદવી ઓછામાં ઓછા 55% ગુણ (7 પોઈંટ સ્કેલમાં B અથવા 10 પોઈંટ સ્કેલમાં $B^+$ ) મેળવ્યા હોય તે આવશ્યક છે. અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિના ઉમેદવારે અનુસ્નાતક કક્ષાએ ઓછામાં ઓછા 50% ગુણ મેળવ્યા હશે તો તે અનુપારંગતમાં પ્રવેશ માટે લાયક ગણાશે.

2. **સમય અવધિઃ-** શિક્ષણ અનુપારંગત(એમ.ફિલ.)નો અભ્યાસક્રમ પૂર્ણકાલીન અને અંશકાલીન એમ બે પ્રકારનો રહેશ. આ બન્ને પ્રકારના અભ્યાસક્રમ પૈકી પૂર્ણકાલીન માટે એક વર્ષ જ્યારે અંશકાલીન માટે સમયગાળો બે વર્ષનો રહેશે.

3. **અભ્યાસકાર્ય (Course Work):-** શિક્ષણ અનુપારંગતના વિદ્યાર્થીઓએ પ્રથમ સત્ર દરમિયાન અભ્યાસકાર્ય કરવાનું રહેશે. આ અભ્યાસકાર્યમાં નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

1. સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ – 100 ગુણ
2. સંશોધનમાં કમ્પ્યૂટરનું ઉપયોજન–50 ગુણ (25 ગુણ સૈદ્ધાંતિક અને 25 ગુણ પ્રયોગિક)

3. સંબંધિત વિષયક્ષેત્રમાં સૈદ્ધાંતિક તેમજ પૂર્વે થયેલાં સંશોધનો વિષયક સાહિત્યનું વિહંગાવલોકન – 50 ગુણ
4. શિક્ષણશાસ્ત્ર સંબંધિત એક પ્રશ્નપત્ર – 100 ગુણ આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગોનો સમાવેશ છે. (શિક્ષક પ્રશિક્ષણમાં નવીનીકરણ, શૈક્ષણિક વ્યવસ્થાપન, બુનિયાદી શિક્ષણ દર્શન, શૈક્ષણિક ટૅકનૉલજિ)

વિદ્યાર્થીએ આ અભ્યાસક્રમ પૈકી પ્રશ્નપત્ર-3 ની લેખિત પરીક્ષા આપવાની નથી. પરંતુ તેણે પસંદ કરેલ સંશોધન વિષયને સંબંધિત સૈદ્ધાતિક સાહિત્ય તથા પૂર્વે થયેલાં સંશોધનોનું સમીક્ષાત્મક કાર્ય હાથ ધરવાનું રહેશે. આ કાર્યનો અહેવાલ રજૂ કરવાનો રહેશે.

**4. શોધકાર્યઃ-** શિક્ષણ અનુપારંગત(એમ.ફિલ.)માં અભ્યાસક્રમના ભાગ રૂપે વિદ્યાર્થીએ એક શોધકાર્ય કરવાનું રહેશે. પ્રથમ સત્ર દરમિયાન શોધનિબંધનો સંશોધન પ્રસ્તાવ (Research Proposal) રજૂ કરવાનો  રહેશે અને આ સંશોધન પ્રસ્તાવમાં પાસ થવાનું રહેશે. દ્વિતીય સત્રાંતે સંશોધન અહેવાલ રજૂ કરવાનો રહેશે. અધિનિયમાનુસાર શોધકાર્યનું મૂલ્યાંકન કરવામાં આવશે.

**5. હાજરીઃ-** નિયમાનુસાર સમૂહજીવનની પ્રવૃત્તિ તથા સંસ્થા દ્વારા યોજવામાં આવતા કાર્યક્રમોમાં ભાગ લેવાનો રહેશે. સફાઈ, પ્રાર્થના અને કાંતણ એ સમૂહજીવનનાં અનિવાર્ય અંગો છે.

સંશોધન માર્ગદર્શન માટે પ્રત્યેક વિદ્યાર્થીએ એક નોંધપોથી તૈયાર કરવાની રહેશે. આ નોંધપોથીમાં માર્ગદર્શકને મળ્યાની તારીખ, સમય અને માર્ગદર્શક સાથે થયેલ ચર્ચા-કાર્યની વિગત સંક્ષિપ્તમાં નોંધવાની રહેશે. તેમાં માર્ગદર્શક અને વિદ્યાર્થી બન્નેએ હસ્તાક્ષર કરવાના રહેશે. વિદ્યાર્થીએ આ નોંધપોથી બે નકલમાં તૈયાર કરવાની રહેશે, જે પૈકીની એક નકલ માર્ગદર્શક પાસે અને એક નકલ વિદ્યાર્થી પાસે રહેશે. નિયમિત રીતે નોંધપોથી ન ભરનાર વિદ્યાર્થીનો પ્રવેશ રદ થશે. વિદ્યાર્થીએ પોતાની નોંધપોથી શોધનિબંધની સોંપણી સમયે જમા કરાવવાની રહેશે. નોંધપોથીની વિગતોના આધારે શોધકાર્યનો પ્રગતિ-અહેવાલ દર બે માસના અંતે બે નકલમાં તૈયાર કરી રજૂ કરવાનો રહેશે. નિર્ધારિત સમયે પ્રગતિ-અહેવાલ રજૂ ન કરનાર વિદ્યાર્થીનો પ્રવેશ રદ થશે (ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા તૈયાર કરવામાં આવેલ અનુપારંગત અધિનિયમો - 2009 તપાસી લેવા).

# શિક્ષણ મહાવિદ્યાલયઃ ગૂજરાત વિદ્યાપીઠઃ અમદાવાદ

## શિક્ષણ અનુપારંગત

**અભ્યાસકાર્ય (Course Work)**

**વિષય - 1 સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર**

**કુલ ગુણ - 100**

**હેતુઓ :**

**વિદ્યાર્થીઓ :**

(1) શૈક્ષણિક સંશોધનની પાયાની બાબતો જાણે.

(2) શિક્ષણમાં જ્ઞાનના વિસ્તરણ અને વિનિયોગની સમજ મેળવે.

(3) શૈક્ષણિક સંશોધનની પદ્ધતિઓની ઊંડાણથી સમજ મેળવે.

(4) શૈક્ષણિક સંશોધનમાં વપરાતી વિવિધ આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓના ઉપયોજનની ક્ષમતા કેળવે.

**એકમ-1 શૈક્ષણિક સંશોધનની પાયાની બાબતો** **25**

(1) ગુજરાતમાં શૈક્ષણિક સંશોધનનો ઈતિહાસ

(2) બુનિયાદી શિક્ષણમાં સંશોધનના વિશિષ્ટ ક્ષેત્રો (સમૂહજીવન, ઉદ્યોગ, સમૂહ પ્રાર્થના, ચારિત્ર્ય ઘડતર, સ્વાવલંબન, અનુબંધ, વ્યવસ્થાપન)

(3) સંશોધનમાં નીતિશાસ્ત્ર અને શૈક્ષણિક સંશોધન

(4) સંશોધકના અપેક્ષિત ગુણ અને મર્યાદાઓ

**એકમ-2 શિક્ષણમાં જ્ઞાનવિસ્તરણ અને વિનિયોગ** **25**

(1) શિક્ષણમાં જ્ઞાનનું સર્જન, વિસ્તરણ અને ઉપયોજન

(2) શૈક્ષણિક સંશોધનમાં જ્ઞાનનું દસ્તાવેજીકરણ

(3) અધિ-વિશ્લેષણનું સ્વરૂપ અને સંશોધનમાં મહત્ત્વ

(4) સંશોધન અહેવાલના સ્વરૂપો.

(1) લઘુશોધ નિબંધ (2) મહાશોધનિબંધ

(3) શોધપ્રકલ્પ અહેવાલ (4) સંશોધન લેખ

**એકમ-3 શૈક્ષણિક સંશોધનની પદ્ધતિઓ** **25**

(1) સંખ્યાત્મક અને ગુણાત્મક સંશોધનોનું સંયોજન

(2) ગુણાત્મક સંશોધનની પદ્ધતિઓઃ

1) નૃવંશશાસ્ત્રીય (Ethnography) પદ્ધતિ

2) પ્રાકૃતિક (Naturalistic) સંશોધન પદ્ધતિ

3) વિષયવસ્તુ પૃથક્કરણ(Content analysis)

4) વ્યક્તિ અભ્યાસ( Case study)

(3) પ્રાયોગિક યોજના પસંદ કરવાના આધારો, પ્રાયોગિક સંશોધનની લાક્ષણિકતાઓ, ચલની સ્પષ્ટતા, પ્રાયોગિક સંશોધનની આંતરિક અને બાહ્ય યથાર્થતા અને પ્રાયોગિક સંશોધન યોજનાઓ - પૂર્વપ્રાયોગિક યોજના, પૂર્ણ પ્રાયોગિક યોજના

**એકમ-4 શૈક્ષણિક સંશોધનોમાં આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓ 25**

(1) માહિતીનું પૃથક્કરણ (અ) વર્ણનાત્મક (બ) અનુમાનાત્મક

(2) સાંખ્યિકીઓની સાર્થકતા-સરાસરી, મધ્યસ્થ, બહુલક, પાદસ્થ વિચલન, પ્રમાણવિચલન, પ્રતિશતક્રમાંક અને સહસંબંધાંક

(3) ભૂલોના પ્રકારો (આલ્ફા અને બીટા ભૂલો)

(4) એકપુચ્છી અને દ્વિપુચ્છી કસોટીઓ

(5) સંકલ્પના અને ઉપયોગો

(1) t-કસોટી (સહસંબંધિત અને અસહસંબંધિત સરાસરી માટે)

(2) F-કસોટી-એકમાર્ગીય વિચરણ પૃથક્કરણ, દ્વિમાર્ગીય વિચરણ પૃથક્કરણ અને સહવિચરણ પૃથક્કરણ

(3) અપ્રાચલીય કસોટીઓઃ- (i) કાઈવર્ગ ( $\chi 2$ )કસોટી (ii) મેનવીટની યુ કસોટી

(6) સહસંબંધાંકના પ્રકારો

(1) દ્વિશ્રેણિક સહસંબંધ (2) બિંદુદ્વિશ્રેણિક સહસંબંધ

(7) આંશિક (Partial) અને બહુચલીય (Multivariate) સહસંબંધો

# સંદર્ભ સૂચિ

Best, J.W. (1995). *Research in Education* (4th Ed.), New Delhi : Prentice Hall of India Pvt.Ltd.

Borg, W.R. and Gall, M.D. (1983). *Educational research-An Introduction*. (4th edi). New York : Longman Ins.

Garrett, H.E. (1981*). Statistics in Psychology and Education*, Bombay : Allied Pacific Pvt. Ltd.

Koul L. (1984). *Methodology of Educational research.* (1st Edi). New : Vani Educational Books.

Kerlinger, F.N. (1996). *Foundation of Behavioural Research, a conceptual Approach.* New Delhi : Surjeet Publications.

सुखिया, ऐस. पी. और मेहरोत्रा. (1995). *शैक्षिक अनुसंधान के मूल तत्त्व.* आगरा : विनोद पुस्तक मंदिर.

ઉચાટ, ડી.એ. (2001). *શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્રઃ* રાજકોટ

ત્રિવેદી, અ. (1986). *બિનપ્રાચલીય આંકડાશાસ્ત્રીય પરીક્ષણ પદ્ધતિઓ,* અમદાવાદ : યુનિ.ગ્રંથ નિર્માણ બોર્ડ-ગુજરાત રાજ્ય

દેસાઇ, હ. જી. અને દેસાઈ, કે.જી.(1985). *સંશોધન પદ્ધતિઓ.* (પાંચમી આવૃત્તિ), અમદાવાદ : યુનિ.ગ્રંથ નિર્માણ બોર્ડ.

જોશી, ભ. (2011). *ગુણાત્મક સંશોધન અને તેની રજૂઆત.* અમદાવાદઃ નવજીવન પ્રકાશન

પટેલ, આર.એસ. (2008) *શૈક્ષણિક સંશોધન માટે આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ.* અમદાવાદ : જય પ્રકાશન

પટેલ, મો. કા. (સં.) (2008). *શૈક્ષણિક સંશોધનનું માર્ગદર્શન - સંશોધન ઉપકરણ,* અમદાવાદ : ગૂજરાત વિદ્યાપીઠ

પટેલ, આર.એસ. (સં) (2008). *શૈક્ષણિક સંશોધનનું માર્ગદર્શન-સંબંધિત સાહિત્યની સમીક્ષા,* અમદાવાદ : ગુજરાત યુનિવર્સિટી.

પારેખ, એસ. સી. અને દીક્ષિત, એસ. કે. (1995). *મનોવૈજ્ઞાનિક સંશોધનોમાં આંકડાશાસ્ત્રીય પરીક્ષણ,* જૂનાગઢ : ચંપા પ્રકાશન.

પારેખ, બી.યુ. અને ત્રિવેદી, એમ. (1989). *શિક્ષણમાં આંકડાશાસ્ત્ર* (ચોથી આવૃત્તિ), અમદાવાદ : યુનિ.ગ્રંથ નિર્માણ બોર્ડ

પંડ્યા જ. (2001). *કલમ પ્રતિચાર સિદ્ધાંત દ્વારા મૂલક-સંદર્ભ માપન,* અમદાવાદઃ નવજીવન પ્રકાશન

શાહ, દી. (2006). *શૈક્ષણિક સંશોધન.અમદાવાદ* : યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ

શાહ, વિ. પી. (1990). *સંશોધન ડિઝાઈન* : અમદાવાદ

# શિક્ષણ મહાવિદ્યાલયઃ ગૂજરાત વિદ્યાપીઠઃ અમદાવાદ
## શિક્ષણ અનુસ્નાતક વિભાગ
### અભ્યાસકાર્ય (Course Work)
## વિષય-2 સંશોધનમાં કમ્પ્યૂટરનું ઉપયોજન

કુલ ગુણ-50

**સૈદ્ધાંતિક કાર્ય** 25 ગુણ

**એકમ : 1 સંશોધનમાં શબ્દ પ્રક્રિયન (Word Processing)નો ઉપયોગ (10 ગુણ)**

1.1 ડોક્યુમેન્ટ ક્રિએટીંગ એન્ડ ફોર્મેટીંગ : પેરેગ્રાફ, ફોન્ટ, એલાઇન્મેન્ટ, લાઇન સ્પેસિંગ, પેજ સેટઅપ

1.2 એડિટીંગ : કટ, કોપી, પેસ્ટ, ફાઇન્ડ, રીપ્લેસ

1.3 ઈન્સર્ટ ઓબ્જેક્ટ, ઈન્સર્ટ ટેબલ, PDF કન્વર્ઝન

**એકમ : 2 સંશોધનમાં અંક પ્રક્રિયન (Numeric Processing)નો ઉપયોગ (10 ગુણ)**

2.1 ક્રિએટ વર્કશીટ

2.2 માહિતી વિશ્લેષણ : ડેટા એનાલિસીસ પાર્ક (વર્ણનાત્મક અંક શાસ્ત્રીય ગણતરીઓ, આવૃત્તિ વિતરણ અને કોષ્ટકીકરણ (Tabulation), T - ગુણોત્તર અને એકમાર્ગી વિચરણ વિશ્લેષણ (One Way ANOVA)

2.3 આલેખાત્મક રજૂઆત : લાઈન, કોલમબાર અને પાઈ આલેખની રચના રીતિ

**એકમ : 3 સંશોધનમાં ઈન્ટરનેટનો ઉપયોગ (05 ગુણ)**

3.1 ઓનલાઈન અને ઓફલાઇન માહિતી શોધની રીતો

3.2 ઈ-જર્નલ્સ અને ઈ-બુકનો ઉપયોગ

3.3 કમ્પ્યૂટર આધારિત પ્રત્યાયનનો સંશોધનમાં ઉપયોગ (ઈ-મેઈલ)

**પ્રાયોગિક કાર્ય** 25 ગુણ

1 એક પેજ ડોક્યુમેન્ટ (One Page Document) તૈયાર કરી સૂચવેલ પેજ સેટ અપ કરે.

2 એક પેજ ડોક્યુમેન્ટ (One Page Document)માં સૂચના મુજબ પેરેગ્રાફ, ટાઈટલ, ફોન્ટ અને લાઈન સ્પેસીંગ ફોર્મેટ કરે.

3 એક પેજ ડોક્યુમેન્ટ (One Page Document)માં સૂચના મુજબ કટ, કોપી, પેસ્ટ અને સ્પેલ ચેક કરે.

4 વર્કશીટ તૈયાર કરી વર્ણનાત્મક અંક શાસ્ત્રીય ગણતરીઓ કરે. (મધ્યક, મધ્યસ્થ, પ્રમાણવિચલન, વિરૂપતા, કકૂદતા)

5 વર્કશીટમાં ડેટા ફીડ કરી તેના આધારે આલેખ રચના કરે.

6 આલેખ રચનામાં આલેખનો પ્રકાર, આલેખ અને ધરીના શીર્ષક , રંગમાં પરિવર્તન કરે.

7 Excel ની સામગ્રી (વર્ક શીટ, આલેખ) ને Word Document માં ઈન્સર્ટ કરે.

8 પાવર પોઈન્ટનો ઉપયોગ કરી 10 સ્લાઈડવાળું પ્રેઝન્ટેશન તૈયાર કરે.

9 પોતાની સંશોધન સમસ્યા આધારિત સંબંધિત સાહિત્યની શોધ કરે.

10 E-mail ડ્રાફ્ટ કરે.

નોંધ - ઉપરોક્ત પ્રાયોગિક કાર્યોમાંથી કોઈપણ બે પ્રાયોગિક કાર્યો કરવાના રહેશે.

## વિષય-2 સંશોધનમાં કમ્પ્યૂટરનું ઉપયોજન

## મૂલ્યાંકન યોજના

**કુલ ગુણ-50**

| **સમય - 1 કલાક** | **સૈદ્ધાંતિક કાર્ય** | **25 ગુણ** |
|---|---|---|
| પ્રશ્ન - 1 | બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નો | 10 ગુણ |
| પ્રશ્ન - 2 | ટૂંક જવાબી પ્રશ્નો (સાતમાંથી પાંચ) | 10 ગુણ |
| પ્રશ્ન - 3 | નિબંધલક્ષી પ્રશ્નો (બેમાંથી એક) | 05 ગુણ |

| **સમય - 2 કલાક** | **પ્રાયોગિક કાર્ય** | **25 ગુણ** |
|---|---|---|
| | પ્રાયોગિક કાર્ય - 1 | 15 ગુણ |
| | પ્રાયોગિક કાર્ય - 2 | |
| | મૌખિક | 10 ગુણ |

# શિક્ષણ મહાવિદ્યાલયઃ ગૂજરાત વિદ્યાપીઠઃ અમદાવાદ

## શિક્ષણ અનુપારંગત (એમ.ફિલ.)

### અભ્યાસકાર્ય (Course Work)

## વિષય-4 સંબંધિત વિષયવસ્તુ

### એકમ-1 શિક્ષક પ્રશિક્ષણમાં નવીનીકરણ

1. શિક્ષક-પ્રશિક્ષણમાં ટેકનોલજિનો સમન્વય
2. શિક્ષક પ્રશિક્ષણનું વ્યાવસાયીકરણ
3. શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતા : અધ્યયન કૌશલ્ય, તાર્કિક વિચારણા, પ્રત્યાયન કૌશલ્ય, વ્યવસ્થાપન કૌશલ્ય
4. શિક્ષક પ્રશિક્ષણ અને વિદ્યાકીય કારકિર્દી વિકાસ
5. શિક્ષક પ્રશિક્ષણના સંશોધનનાં ક્ષેત્રો
   - અધ્યયનની અસરકારકતા
   - શિક્ષકની વ્યાવસાયિક અને સશક્તિકરણ વર્તણૂંક - શાળાઓની અસરકારકતા
6. શિક્ષક પ્રશિક્ષણની સમસ્યાઓ : અભ્યાસક્રમનો વિનિયોગ, પ્રાયોગિક પાઠ, વિશિષ્ટ બાળકોની શાળાના શિક્ષકોની તાલીમ અંગેની બાબતો

### એકમ-2 શૈક્ષણિક વ્યવસ્થાપન

1. શિક્ષણમાં સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપનની સંકલ્પના
2. શૈક્ષણિક સંસ્થાઓના વિકાસ માટે સામર્થ્ય, નબળાઈઓ, તકો (SWOT) અને પડકારોમાં વિશ્લેષણ
3. શૈક્ષણિક સંસ્થાઓમાં તણાવ વ્યવસ્થાપન
4. પરિવર્તનોના સંદર્ભમાં શૈક્ષણિક સંસ્થાઓમાં વ્યવસ્થાપન

### એકમ-3 બુનિયાદી શિક્ષણ દર્શન

1. રસ્કિન, થોરો, ટોલસ્ટોય અને શ્રીમદ્ રાજચંદ્રની વિચારધારાઓમાં વ્યકત થતું ગાંધીવિચારદર્શન.
2. સમવાયી શિક્ષણ, અને ઉદ્યોગ દ્વારા સ્વાવલંબનનો દૃષ્ટિકોણ
3. શિક્ષણ નીતિમાં ગાંધીવિચાર દર્શનની અભિવ્યક્તિ
4. બુનિયાદી શિક્ષણની સંસ્થાઓના વ્યવહારોની ગાંધીવિચાર સંદર્ભે સમીક્ષા

**એકમ-4 શૈક્ષણિક ટેકનોલજિ**

1. દૂરવર્તી/ નિરંતર/ મુકત શિક્ષણ સ્વરૂપોમાં શૈક્ષણિક ટેકનોલજિની ભૂમિકા
2. ટેકનોલજિથી પ્રભાવિત બદલાતા વર્ગખંડનું સ્વરૂપ
3. માહિતી અને પ્રત્યાયન ટેકનોલજિના શૈક્ષણિક ઉપયોગો
4. કમ્પ્યૂટર આધારિત પ્રત્યાયનનું શિક્ષણમાં ઉપયોજન
5. બુનિયાદી શિક્ષણમાં શૈક્ષણિક ટેકનોલજિની સુસંગતતા

# સંદર્ભ સૂચિ

## એકમ - 1 શિક્ષક પ્રશિક્ષણમાં નવીનીકરણ


Sharma, B.M. (1997).Teacher training and educational research : New Delhi, Commonwealth

Cochram-smith, M. (2002). Editorial : Reporting on teacher quality : The Politics of politics. Journal of Teacher Education, 53-379-382

Curriculum Framework for quality Teacher Education (1998). New Delhi, NCTE.

Different Modes of Education Used for Teacher Preparation in India (July, 1995), New Delhi, NCTE.

M.Huberman. (1995). Networks that Alter Teaching : Concept qualization exchanges and experiments : Teacher and Teaching. Vol. No. 2, PP 193-211.

Pandya, J. (2005). Teacher Education in Emerging Diverse Educational Contexts : Perspectives, Practice and Prospects : Unpublished NCERT Project Report, Gujarat Vidyapith

Venkataiah S. (2000). Teacher Education .New Delhi : Anmol publication pvt. Ltd.

Wholistic Teacher Education (2008-2009). Vadodara : CASE M.S. University, Baroda

અંબાસણા, અ. (1982). શિક્ષણ ગમનઃ રાજકોટ, શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

પટેલ, મો. (2009). કેળવણીનો કોયડોઃ. અમદાવાદ, પાર્શ્વ પબ્લિકેશન

પંચાલ, મો. અને પંચાલ, ધ. (1998). શિક્ષક સજ્જતાની દિશામાં : અમદાવાદ, નવભારત સાહિત્ય મંદિર

મોદી, બી.એમ. અને પંડ્યા, જે.એન. (2003). વિકાસમાન ભારતીય સમાજમાં શિક્ષક : અમદાવાદ, વારિષેણ પ્રકાશન.

મૈયાણી, જે.પી. (2004). ગુણવત્તા કેન્દ્રી શિક્ષક પ્રશિક્ષણ : ભાવનગર, સંપાદન, શિક્ષણ શાસ્ત્ર ભવન, ભાવનગર યુનિવર્સિટી અને શ્રીમતી એલ.એલ. કાકડીયા બી.એડ્. કોલેજ.

# એકમ - 2 શૈક્ષણિક વ્યવસ્થાપન


Hampton, D. R. (1974). Modern management Issues and Iedas : New Delhi : Prentice Hall of India Private Ltd.

भटनागर , आर.पी. (2007). शैक्षिक प्रशासन : इन्टरनेशनल पब्लिशिंग हाउस, मेरठ-1

अग्रवाल, जे.सी. (2007). स्कूल प्रबन्ध, सूचना तथा सम्प्रेषण तकनीकी : अग्रवाल पब्लिकेशन, आगरा – 7

भट्ट, म. चं. (1988). शिक्षण प्रबंध : युनिवर्सिटी ग्रंथ निर्माण बोर्ड, गुजरात राज्य, अहमदाबाद


# એકમ - 3 બુનિયાદી શિક્ષણ દર્શન


शिवदत्त (2006).समग्र नयी तालीम, पहला संस्करण. वर्धा : नयी तालीम समिति, आश्रम सेवाग्राम

ઉપાધ્યાય, ચં. (1998).બુનિયાદી શિક્ષણની ઐતિહાસિક અને વૈચારિક વિકાસયાત્રા. અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર.

ઉપાધ્યાય, ચં. (2000). અનુબંધ (સમવાય) ની સંકલ્પના. અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર

ડાભી, જે. ફ. (2002). ગુજરાતમાં નઇતાલીમ સંસ્થાઓની વર્તમાન સ્થિતિનો સર્વેક્ષણ અભ્યાસ અહેવાલ-2, ઉત્તર બુનિયાદી વિદ્યાલયો અને ઉ.ઉ.બુ. વિદ્યાલયો. અમદાવાદ : ગૂજરાત નઇ તાલીમ સંઘ

પટેલ, ન. (2002). ગુજરાતમાં નઇ તાલીમ દર્શન અને વિકાસ. અમદાવાદ : ગુજરાત નઇ તાલીમ સંઘ, ગૂજરાત વિદ્યાપીઠ

પટેલ, મ. (2005). ગાંધીજીનું શિક્ષણ દર્શન, અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર

પટેલ, શિ. ગો. (1958). પાયાની કેળવણીનો પ્રયોગ. (બીજી આવૃત્તિ). અમદાવાદ : ગૂજરાત વિદ્યાપીઠ

ગાંધી, પ્ર. (1948). જીવનનું પરોઢ, અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર

રાવલ, ગો. (2006) સા વિદ્યા (શિક્ષણ). અનેરા : રચના પ્રતિષ્ઠાન

# એકમ-4 શૈક્ષણિક ટેકનોલજિ


Association of Indian Universities (2000). *Information technology in Higher Education.* New Delhi : Author

Hackbarth, S.(1996). *The educational technology handbook.* Eaglewood cliffs, NJ.: Educational Technology Publication.

Polly, D.(2011). Developing students' higher-order thinking skills (HOTS) through technology-rich tasks : The influence of technological pedagogical and content knowledge (TPACK). *Educational Technology, 51*(4), 20-26.

Roblyer, M.D. & Edwards, J. (2000). *Integrating technology into teaching* ($2^{nd}$ ed.) New Jercy : Merrill

જોશી, ભ.(સં.).(2005). શૈક્ષણિક ટેકનોલજિની વિસ્તરતી ક્ષિતિજો. ભાવનગર : એજ્યુકેશન ટેક્નોલજિ ફોરમ.